## રાજકોટના પાંચમા અધિક ચીફ જયુડી મેજી સાહેબની
## કોર્ટમાં, મુકામ : રાજકોટ.

**ફોજદારી કેસ નં.૪૨૪૦/૧૪**

**આંક–૦૮**

ફરીયાદી
કારખાના નિરીક્ષક, :: ફરીયાદી

વિરૂઘ્ધ

:: આરોપી / ઓ

**<u>ગુનો :– સમાન વેતનધારો ૧૯૪૮ તથા ગુજરાત લઘુમત વેતન નિયમો ૧૯૬૧ નો ભંગ.</u>**

(૧) ફરીયાદપક્ષા કેસની હકીકત ટુંકમા એવી છે કે, આ કામના ફરીયાદી લઘુતમ વેતનધારાની કલમ–૧૯ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ દ્રારા તા....... ના રોજ આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા દ્રારા લઘુતમ વેતન નિયમો ૧૯૬૧ ના નિયમો .......... નો ભંગ કરી લઘુતમ વેતન ધારાની કલમ–૨૨(એ) હેઠળ ગુન્હો કરવામા આવેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનીયમની જોગવાઈ મુજબ ગુન્હાનો સમન્સ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) આરોપીને સમન્સ બજી જતા આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ આંક– થી રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે આમ છતા આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ઘ્યાનમા તેમજ આરોપીનો આ પ્રથમ

ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર.નું પાનું ૭૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેની રજુઆતને ધ્યાનમા લઈ રહેમ રાખી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## :: હુ ક મ ::

સદર કામે પ્રત્યે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ સમાન વેતનધારા કલમ–૧૦ ના ભંગ બદલ લઘુતમ વેતન ધારાની કલમ–૨૨(એ) હેઠળ તકસીરવાન ઠરાવીને પ્રત્યેક ભંગ બદલ રૂા.૫૦૦/– (પાંચસો રૂપીયા પુરા) દંડ અને જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામા આવે છે.

આરોપીઓએ કુલ રૂા.૫૦૦/– (પાંચસો રૂપીયા પુરા) નો દંડ ભરવો.

હુકમ આજરોજ તા. ૨૨ માહે..એપ્રિલ..., સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા.૨૨/૪ /૨૦૧૮

(એમ.એસ.સુતરીયા)
૫ માં અધિક ચીફ જયુડી.મેજી.
રાજકોટ
UNIQ I.D.No.GJ00846